# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
# વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
# તા.બોરસદ જિ.આણંદ

## પ્રવૃતિ – દર્પણ

અંક : ૧૭ ઑગષ્ટ - ૨૦૨૦

૧. અનલૉક – ૩ તા.૦૧/૦૮/૨૦૨૦ શનિવારથી ૩૧/૦૮/૨૦૨૦ સોમવાર.
૨. મા. માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) દ્વારા ગ્રામસેવા કેન્દ્રોના સંયોજકો - આચાર્યો સાથે સંવાદ તા.૦૪/૦૮/૨૦૨૦, મંગળવાર.
૩. ઑગષ્ટ ક્રાંતિ દિવસ (હિન્દ છોડો આંદોલન) ની ઉજવણી. તા.૦૯/૦૮/૨૦૨૦ રવિવાર.
૪. જન્માષ્ટમીની રજાઓ. તા.૧૦/૦૮/૨૦૨૦ સોમવારથી તા.૧૫/૦૮/૨૦૨૦ શનિવાર.
૫. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૨૦ શનિવાર.
૬. સાબુ બનાવવાની તાલીમ શિબિર. તા.૨૦/૦૮/૨૦૨૦ ગુરૂવાર અને ૨૧/૦૮/૨૦૨૦ શુક્રવાર.
૭. કુમાર છાત્રાલયમાં રસોયા તરીકે કાર્ય કરતા શ્રી શરદભાઇ ધુળાભાઇ પરમારનું ૫૦ વર્ષની વયે તા.૨૬/૦૮/૨૦૨૦ને બુધવારે હૃદયની બીમારીથી અવસાન.
૮. સ્વાવલંબન (અનાજ, શાકભાજી, દૂધ) ઑગષ્ટ માસની પ્રવૃત્તિયો.

### -: આઝાદીની લડત :-

#### -: ક્રાંતિકારી ઑગષ્ટ (૧૯૪૨) માસમાં વલ્લભ વિદ્યાલય ની પ્રવૃત્તિયો :-

સને ૧૯૪૨ માં દેશમાં " હિન્દ છોડો " આંદોલન શરૂ થયું. વલ્લભ વિદ્યાલયનો ઉદ્દભવ આઝાદીના આંદોલન માંથી થયો હોવાથી આઝાદીની એ લડતમાં સંસ્થાના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેથી તે સમયે વલ્લભ વિદ્યાલય બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારત છોડોની એ લડતમાં તે વખતના ખેડા જિલ્લામાંથી ૩૮ લડવૈયા જેલમાં ગયા હતા , તેમાંથી ૧૮ તો એકલા વલ્લભ વિદ્યાલયના વિદ્યાર્થીઓજ હતા.

તા.૧૬/૦૮/૧૯૪૨ના રોજ સવારે વલ્લભ વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ શ્રી મગનભાઇ પઢિયાર અને શ્રી મનહરભાઇ પરમાર શ્રી શિવાભાઇ ગો. પટેલ સાથે બોરસદ ગયા હતા. તા.૧૫/૦૮/૧૯૪૨ના રોજ આગાખાન મહેલમાં શ્રી મહાદેવભાઇ દેસાઇનું અપમાન થયું હોવાથી તા.૧૬/૦૮/૧૯૪૨ના રોજ બોરસદમાં હડતાલ પડાવવા ગયા હતા શ્રી શિવાભાઇ ગો. પટેલને પોલીસોના લાઠીચાર્જથી ખૂબ માર પડ્યો હતો. હાથનું હાડકુ ભાગી ગયું હતું. શ્રી શિવાભાઇ ગો. પટેલને છ માસની જેલની સજા થઇ હતી.

વલ્લભ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ૧૯૪૨ ની લડતમાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં પણ જોડાયા હતા. ૪ વિદ્યાર્થીઓને જેલની છ માસની સજા થઇ હતી.

વલ્લાભ વિદ્યાલય પરિવારે આઝાદીની લડતમાં યોજના પૂર્વક ઝંપલાવ્યુ ત્યારે પૂ.ગંગાબેન વૈધ ગૌશાળા સંભાળે , પૂ.પંડિતજી દવાખાનું સંભાળે તેવું નક્કી થયું હતું. એ વખતે એવી અફવા આવી કે ગોરૂં લશ્કર બોરસદ થઇને ભરૂચ જિલ્લા તરફ જવાનું છે તે વખતે તેમને માંસની જરૂર પડશે અને બોચાસણ ગૌશાળાની સુંદર ગાયો પર નજર જશે અને તેનો ઉપયોગ કરશે. તે વખતે ગંગાબહેને જાહેર કર્યું કે જ્યાં સુધી હું જીવતી છું ત્યાં સુધી મારી ગાયને કોઇ હાથ અડકાડી શકશે નહીં. પરંતુ તે કસોટી આવી ન હોતી ગંગાબેનને ગાયો ખૂબ વહાલી હતી. ગાયો ઉપર ખૂબ હેત રાખતાં હતાં.

" સંકલિત "

સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા

આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. અનલૉક – ૩ તા.૦૧/૦૮/૨૦૨૦ શનિવારથી ૩૧/૦૮/૨૦૨૦ સોમવાર.

ગૂજરાત વિદ્યાપીઠ મંડળના માર્ગદર્શન પ્રમાણે આ માસમાં પણ અનિવાર્ય કાર્યો ચાલુ રાખવામાં આવ્યાં.

૧. ઓનલાઇન શિક્ષણ કાર્ય ચાલુ છે.
   કુમારમંદિર ( ધો. ૬,૭,૮), વિનયમંદિર ( ધો. ૯,૧૦)
   ઉચ્ચતર વિનયમંદિર (ધો. ૧૧,૧૨), અધ્યાપનમંદિર ( પ્રથમવર્ષ, બીજુવર્ષ )
૨. ગંગાબા ગૌશાળામાં અનિવાર્ય કાર્યો ચાલુ છે.
૩. વિનયમંદિર ઉદ્યોગમાં અનિવાર્ય કાર્યો ચાલુ છે.
૪. શતાબ્દી વન અને શતાબ્દી વૃક્ષની માવજત ચાલુ છે.
૫. પરિસરમાં ધાંસ ઊભી નીકળ્યું હતુ. નીંદણ નાશક દવાનો છંટકાવ કરી, ધાંસ દૂર કર્યું. ફરીથી ઊગાવો થરૂ થયો છે.
૬. કોરોના મહામારી માટે કાળજી રાખવામાં આવે છે.

2. મા. માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) દ્વારા ગ્રામસેવા કેન્દ્રોના સંયોજકો તથા આચાર્યો સાથે સંવાદ કાર્યક્રમ તા.૦૪/૦૮/૨૦૨૦ને મંગળવારના રોજ બપોરે ૧-00 વાગે રાખવામાં આવ્યો. તેમાં નીચેની બાબતો પર માર્ગદર્શન આપવામાં આવ્યું તથા વિગતો રજુ કરવામાં આવી.

૧. ધોરણવાર સંખ્યા.
૨. હાલની ખેતીની સ્થિતિ.
૩. ઓન લાઇન શિક્ષણમાં પ્રગતિ
૪. બાકીની ગ્રાન્ટ (અમાન્ય થયેલ ગ્રાન્ટ ની વિગતો)
૫. કોરોના મહામારી માટે સાવચેતી તથા વ્યવસ્થા
૬. વિભાગોનો ડેડસ્ટોક અને તેની મેળવણી

3. ઑગષ્ટ ક્રાંતિ દિવસ (હિન્દ છોડો આંદોલન) ની ઉજવણી તા.૦૯/૦૮/૨૦૨૦ રવિવાર.

ઑગષ્ટ ક્રાંતિ દિવસ તા.૦૯/૦૮/૨૦૨૦ને રવિવાર સાંજના ૪-00 વાગે “ શું આજે ખાદી પ્રસ્તુત છે ? “ વિષય પર વેબિનાર ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી ગોઠવવામાં આવ્યો.

વક્તાઓ : ૧. શ્રી સતીશ પોલુદાસ
કોરા ડિઝાઇન કોલાબરેટીવ,હૈદરાબાદ.
૨. શ્રી અનંત સયનન
તુલા, ચેન્નઇ.
૩.શ્રી કિશોર શાહ
ખાદી લંડન, યુકે.

પ્રાસ્તાવિક આ.અનામિકભાઇ શાહ, વેબિનાર સંચાલન મા.શ્રી કપિલભાઇ શાહ , આભાર દર્શન શ્રી નિખિલભાઇ ભટ્ટ.

વેબિનારમાં સંસ્થાના સેવકોએ ભાગ લીધો.

4. જન્માષ્ટમી રજાઓ તા.૧૦/૦૮/૨૦૨૦ સોમવારથી ૧૫/૦૮/૨૦૨૦ શનિવાર.

જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે તા.૧૦/૦૮/૨૦૨૦ને સોમવારથી તા.૧૫/૦૮/૨૦૨૦ શનિવાર ૬ દિવસનું વેકેશન રાખવામાં આવ્યું.

5. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૨૦ શનિવાર.



સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપે તા.૧૫/૦૮/૨૦૨૦ને શનિવારે સવારે ૮-૩૦ વાગે સામાજિક અંતર જાળવીને ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. બધા વિભાગોના સેવકોએ તેમાં ભાગ લીધો.

6. સાબુ બનાવવાની તાલીમ શિબિર તા.૨૦/૦૮/૨૦૨૦ ગુરૂવાર અને તા.૨૧/૦૮/૨૦૨૦ શુક્રવાર.

યુસીક વિભાગ , ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ તરફથી સાબુ બનાવવાની તાલીમ શિબિર તા.૨૦/૦૮/૨૦૨૦ ગુરૂવાર અને તા.૨૧/૦૮/૨૦૨૦ શુક્રવાર બે દિવસ માટે સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાકે રાખવામાં આવી. તેમાં નીચેના સેવકોએ ભાગ લીધો.

| ક્રમ | સેવકનું નામ | વિભાગ |
|---|---|---|
| ૧ | શ્રી સુનિલકુમાર જાદવ | વિનમમંદિર |
| ૨ | શ્રી નિર્મલસિંગ ચાવડા | વિનમમંદિર |
| ૩ | શ્રી જિજ્ઞાસાબેન ત્રીવેદી | અધ્યાપનમંદિર |
| ૪ | શ્રી દિલીપકુમાર રાવ | અધ્યાપનમંદિર |
| ૫ | શ્રી દિલીપભાઇ વાઘેલા | અધ્યાપનમંદિર |
| ૬ | શ્રી અમિતભાઇ પઢિયાર | કુમાર છાત્રાલય |





7. કુમાર છાત્રાલયમાં રસોયા તરીકે કાર્ય કરતા શ્રી શરદભાઇ ધુળાભાઇ પરમારનું ૫૦ વર્ષની વયે તા.૨૬/૦૮/૨૦૨૦ને બુધવારે હૃદયની બીમારીથી અવસાન.

કુમાર છાત્રાલય વિભાગમાં ૧૭ વર્ષથી રસોયા તરીકે કાર્ય કરતા શ્રી શરદભાઇ ધુળાભાઇ પરમારનું તા.૨૬/૦૮/૨૦૨૦ને બુધવારે બપોરે ૧૨-૦૦ વાગે હૃદય રોગના હુમલાથી ૫૦ વર્ષની વયે અવસાન થયું. તેમના વતન ગોરવા તા.બોરસદમાં સ્મશાનયાત્રામાં સંસ્થાના સેવકો સામેલ થયા અને શ્રધ્ધાંજલિ અર્પણ કરી.

૪. સ્વાવલંબન (અનાજ, શાકભાજી, દૂધ) ઑગષ્ટ માસની પ્રવૃત્તિયો.

૧. રીંગણીની રોપણી કરવામાં આવી.

૨. ચોમાસુ બાજરીના પાકની સ્થિતિ સારી છે.

૩. સતત વરસાદથી શાકભાજીના પાકોને નુકશાન થયું છે. સુરણ, કોળી, ભીંડા ની વૃદ્ધિ-સ્થિતિ સારી છે.

૪. ગંગાબા ગૌશાળામાં ઑગષ્ટ માસમાં ૧૮૫૭ લિટર દૂધ ઉત્પાદન થયું.

૫. લીલા પડવાસ માટે વાવેતર કરેલ ઇક્કડ સતત વરસાદમાં ખૂબ ઊંચા વધી ગયા છે. વરાપ થયે પ્લાઉથી જમીનમાં દબાવી દઇશું.





